# ભાજપ અને કોંગ્રેસ માટે ખરો ખેલ હવે

ગાંધીનગર, તા. ૨૯

કોંગ્રેસ અને ભાજપ માટે માથાનો દુઃખાવો બની શકે એવો પ્રશ્ન જ પાર્ટીના ઉમેદવારોની પસંદગીનો



હોય છે. કેમ કે, એકવાર સત્તાનો સ્વાદ ચાખી ગયેલા મુરતિયાઓ એમ આસાનીથી એમનો હક જતો કરે તેવા નથી હોતા, અને એટલે જ રાજકારણમાં વંશવાદ જોર પકડે છે. જેમાં કહેવાય છે કે, કોંગ્રેસમાં એકવાર ઉમેદવારોની પસંદગી થઈ ગઈ પછી એને બહારના દુશ્મનોની જરૂર નથી પડતી.

ઘર ફૂટે ઘર જાય એવા હાલ કોંગ્રેસના થાય છે. બીજેપી આરએસએસની ભગીની સંસ્થા હોવાને લીધે અહી થોડા ડીસીપ્લીનમાં રહેવું પડે છે, પરંતુ હાર્યો જુગારી બમણું રમે એમ એક વાર ચુટણીમાં ઉતરેલા ઉમેદવારો ફરી જીતવાની ઉમ્મીદ સાથે ચુંટણી તો લડવા ઈચ્છે જ છે.

ભાજપમાં આવા લોકો નથી એવું પણ સાવ નથી. અને આવા અસંતોષી જીવોને પહેલેથી જ કંટ્રોલમાં રાખવા બીજેપીએ ચુંટણી તારીખ જાહેર થયા પહેલા જ બોઅર્ડ-નિગમો ના ચેરમેનોની નિમણુક કરી હતી . અને આટલું અધૂરું હોય એમ ટીકીટ માંગેલા કેટલાક ટોચના ઉમેદવારોને પ્રવક્તા બનાવી ઓલ ટાઈમ બીજી કરી નવો ખેલ પાડ્યો. પણ આટલે થી પૂરું નહિ થાય હજુ ખરો ખેલ તો બાકી છે. ભાજપમાં ૪૫૦૦ જેટલા લોકોએ ટીકીટ માંગી છે. ત્યારે પાર્ટી માટે એ સમસ્યા તો હોય જ કે, કોના પત્તા કાપવા અને કોને ટીકીટ આપવી. અને આ કવાયતને ધ્યાનમાં રાખીને જ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ દિવાળી પરિવાર સાથે મનાવવાના બહાને અમદાવાદમાં અડીંગો જમાવીને બેઠા છે. તેમજ હાલમાં જ તેમની અધ્યક્ષતામાં ગુજરાત બીજેપી સંસદીય બોર્ડની ૬ દિવસીય બેઠક સમાપ્ત થઈ. અને આ બેઠકમાં અમિત શાહનો મોટાભાગનો સમય સંભવિત ઉમેદવારોને મળવામાં જ પસાર થયો. જો કે, કેટલા ઉમેદવારો ફિક્સ છે એ હાલ જાણી શકાયું નથી. પરંતુ એ વાત નક્કી છે કે, વ્યાપક વિરોધના પગલે બીજેપી ઉમેદવારોની પસંદગી ફૂકી ફુકીને કરશે. વિશેષમાં ભાજપે તેની ઈચ્છા કે અનિચ્છાએ પણ જાતીવાદના કાર્ડને ધ્યાનમાં રાખી ટીકીટોની ફાળવણી કરવી પડશે.

અન્યથા કોંગ્રેસે શરુ કરેલ જાતિવાદનું કાર્ડ ભાજપની પરમ્પરાગત વોટ બેંક તોડી શકે છે. વેલ અમદાવાદની ૧૬ બેઠકમાં પણ ઉમેદવારોની પસંદગી જાતીવાદના ચશ્માં લગાવીને જ કરવી પડશે. જેમાં નારણપુરામાં આમ તો અમિતશાહ ના ખાસ નજદીકી ગણાતા હાલના મેયર ગૌતમ શાહ ને ટીકીટ આપવાની પ્રબળ સંભાવના સેવાઈ રહી હતી.

પરંતુ સ્થાનિક લેવલે રોડ-રસ્તા ના કામ મામલે જે અઘોર બેદરકારી દાખવવામાં આવી અને તેના લીધે ભાજપની છબીને જે નુકસાન થયું, એનાથી ઈવન કેન્દ્રીય નેતાગીરી પણ નારાજ છે. તેથી





આનંદીબેનની આ સીટ પર ભાજપે હવે કોઈ પટેલ ઉમેદવારને જ તક આપવી પડશે. જો કે, આ પ્રશ્ન ફક્ત નારણપુરાનો જ નથી. બલકે ચોમાસા બાદ એક તરફ જ્યાં જીએસટી લગાવવામાં આવ્યો ત્યાં બીજી તરફ પ્રાથમિક સુવિધાના અભાવે પબ્લિક ભારોભાર હેરાન થઈ. અને સમગ્ર અમદાવાદના રોડ-રસ્તા સાવ ખાડે ગયા અને મીડિયામાં વારંવારની ચર્ચાઓ છતાં સ્થાનિક લેવલે જે ઘોર લાપરવાહી દાખવવામાં આવી એનાથી ભાજપની ઈમેજનું ભરપુર ધોવાણ થયું છે. અને લોકોના ભારોભાર અસંતોષને ધ્યાનમાં રાખીને જ પાર્ટી ૫૦% સિટીંગ ધારાસભ્યોને રિપીટ કરવાને બદલે નવા ચહેરાને ઉતરશે. એમાં પણ જાતિવાદનું ધ્યાન રાખવું પડશે. ત્યારે ભાજપ કે કોંગ્રેસ માટે ઉમેદવારોની પસંદગી આસાન નહિ હોય...!

# ડી. જી. વણઝારા અમિત શાહને શા માટે બ્લેકમેઈલ કરી રહ્યાં છે?

અમદાવાદ, તા.૨૯

સોહરાબઉદ્દીના બનાવટી એન્કાઉન્ટર કેસના આરોપીઓ એવા ગુજરાત અને રાજસ્થાન પોલીસ અધિકારીઓ દ્વારા વાયરલ કરવામાં આવેલા મેસેજમાં અમિત શાહને એવો સવાલ પુછવામાં આવ્યો કે ડી. જી. વણઝારા એવી કઈ બાબત જાણે છે કે જેના કારણે અમિત શાહ ડરી રહ્યા છે અને તે ડરમાં અમિત શાહ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની ટિકિટ પણ વણઝારાને આપવાના છે.





અમિત શાહ સહિત સિનિયર પોલીસ અધિકારીઓ છુટી ગયા અને નાના પોલીસ કર્મચારી સામે હવે ટ્રાયલ શરૂ થઈ જતા જુનિયર પોલીસ અધિકારીઓ રોષે ભરાયા છે. તેમનો ગુસ્સે એવો છે કે તમે છુટી ગયા અને મને તમે બહાર નિકળવા મદદ કરતા નથી. ગુજરાત અને રાજસ્થાન પોલીસના આ અધિકારીઓ રોજ એક નવો મેસેજ મોકલી રહ્યા છે. જેમાં હમણાં જ જે મેસેજ મુક્યો તેમા તેમણે કેટલાક સવાલ ઉભા કર્યા છે, જેમાં એ કેસના મુખ્ય કાવતરાખોર વણઝરા છુટી ગયા અને દેશભક્ત પોલીસ અધિકારીઓ સામે ટ્રાયલ શરૂ થઈ છે.

આ મેસેજમાં લખ્યુ કે સાબરમતી જેલમાંથી વણઝારાએ પત્ર લખ્યો તેમાં તેમણે એકરાર કર્યો હતો કે તેમણે જે કંઈ કર્યુ છે તે સરકારના કહેવાથી કર્યુ છે અને જો અમે જેલમાં છીએ તો સરકારે પણ જેલમાં આવવુ જોઈએ.

આ પત્ર પછી સરકારે વણઝારાને છોડી મુકવા માટેના પ્રયત્ન કર્યા અને તેઓ છુટી ગયા. જ્યારે બીજા જુનિયર અધિકારીઓ હવે કેસનો સામનો કરી રહ્યા છે.આ પોલીસ અધિકારીનો આરોપ છે કે વણઝારા અમિત શાહના કોઈ રહસ્યો જાણે છે તેના કારણે તેમને બ્લેકમેઈલ કરી રહ્યા છે. અમિત શાહ તેમને ભાજપની ટિકિટ પણ આપશે અને વણઝારા ચૂંટાઈ મંત્રી પણ થઈ જશે. પણ જુનિયર અધિકારીઓ જેમણે દેશભક્તિ માટે કામ કર્યુ છે તેઓ જેલમાં સડતા રહેશે આ ક્યાનો ન્યાય?

# નિર્દોષ બાળકોના મોત પર રાજકારણ કરી રહેલા પક્ષોને શરમ આવવી જોઈએ : પાર્થેશ પટેલ

## જન વિકલ્પ પાર્ટી સિવિલ હોસ્પિટલમાં બાળકોના મોતની ઘટનાને વખોડી કાઢે છે

સિવિલ હોસ્પિટલમાં બાળકોના મોતની ઘટના ગુજરાતમાં કથળતી આરોગ્ય સેવાનુ પરિણામ છે. નિષ્ઠુર બનેલી ગુજરાત સરકારને પ્રજાની કોઈ જ ફિકર નથી. નિર્દોષ બાળકોના મોત માટે સરકારની ભ્રષ્ટ નીતિઓ જવાબદાર છે.

એશિયાની સૌથી મોટી ગણાતી અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ૨૪ કલાકમાં ૧૦ નવજાત બાળકોના મોતની ઘટના ગુજરાત માટે સૌથી મોટી શરમજનક બાબત ગણાય. ત્રણ દિવસમાં ૧૯ બાળકોના મોત નિપજ્યાં અને સરકાર હજુ સુધી ચુપ બેસીને તમાશો જોઇ રહી છે. જન વિકલ્પ પાર્ટીના પ્રવક્તા શ્રી પાર્થેશ પટેલ આ ઘટનાને વખોડી કાઢતા જણાવે છે કે, ૧૯ બાળકોના મોત માટે અન્ય કંઇ નહી પરંતુ નિષ્ઠુર ભાજપ સરકાર જવાબદાર છે. જન વિકલ્પ પાર્ટીના પ્રવક્તા પાર્થેશ પટેલ વધુમાં જણાવે છે કે, સરકાર રાજ્યમાં મોટી મોટી સરકારી યોજનાઓ ચાલી રહી હોવાના દાવા કરી રહી છે પરંતુ સિવિલ હોસ્પિટલમાં બનેલી આ ઘટનાએ સરકારના તમામ દાવાઓની પોલ ખુલ્લી પાડી દીધી છે. જન વિકલ્પ પાર્ટી આ ઘટના મુદ્દે હાઈ લેવલ તપાસની માગ કરી છે. અને આ ઘટના પાછળ જવાબદારો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે જેથી આવા લોકોની બેદરકારીનો ભોગ આવા નિર્દોષ બાળકોને ન બનવું પડે.

સિવિલ હોસ્પિટલમાં નવજાત બાળકોના મોતની તપાસ કરવાને બદલે જગ્યાએ રાજકીય પક્ષો સિવિલ હોસ્પિટલમાં પહોંચીને હોબાળા કરી રહી છે. જન વિકલ્પ પાર્ટી આવી તક સાધુ રાજકીય પાર્ટીઓની નિંદા કરે છે. જન વિકલ્પ પાર્ટીના પ્રવક્તા પાર્થેશ પટેલ દુઃખ વ્યક્ત કરતા જણાવે છે કે, આવા ગંભીર મુદ્દાઓ પર રાજકીય દ્રષ્ટીએ ન લેવા જોઇએ. આવા મુદ્દાઓ પર ક્યારેય રાજનીતિ ન થવી જોઈએ. પાર્થેશ પટેલ સિવિલ હોસ્પિટલ અને સરકાર પર આક્ષેપ કરતા જણાવે છે કે, આવા માસુમ બાળકોના મોત માટે સરકારની ભ્રષ્ટ નીતિઓ જવાબદાર છે. સરકારી તંત્ર સાવ ખાડે ગયું છે સરકારી હોસ્પિટલમાં ડોક્ટરો દર્દીઓ સાથે એવી રીતે વર્તન કરતા હોય છે જાણે તેઓ કોઈ અપરાધની સજા કાપવા માટે આવ્યા હોય.

પાર્થેશ પટેલ વધુમાં જણાવ્યુ હતું કે, સરકાર એવો લુલો બચાવ કરે છે કે જે બાળકો મરી ગયા તેમને ક્રિટીકલ હાલતમાં લાવવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં દર્દીઓને ક્રિટીકલ હાલતમાં લાવવામાં ન આવે તો શું સ્વસ્થ હોય ત્યારે લાવવામાં આવે? આવો બચાવ લોકોના ગળે ઉતરે તેમ નથી.

વાસ્તવમાં હોસ્પિટલ અને સરકારની ઘોર નિષ્કાળજીને કારણે જ ૧૯ બાળકો આ દુનિયામાં આવતાની સાથે જ તેમના મોત નિપજ્યા છે. આ સરકારના માથે બાળ હત્યાનું પાપ અને કલંક લાગી ગયું છે. જેમણે પોતાના વ્હાલસોયા ગુમાવ્યા તેમના નિશાસા નડશે. આ ઘટના પાછળ તટસ્થ તપાસ થવી જોઈએ અને જવાબદારો સાથે કડકમાં કડક કાર્યવાહી થવી જોઈએ.

# રાહુલ ગાંધીના સુરત પ્રવાસના એક દિવસ પહેલાં જ અમિત શાહ પહોંચી જશે

ગાંધીનગર,તા.૨૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે મતદાનની તારીખો જાહેર ગઈ છે. આ ચૂંટણીમાં બે તબક્કામાં મતદાન થવા જઈ રહ્યું છે. સુરત સહિત દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં થનારા પ્રથમ ચરણના મતદાન ઉપર સૌની મીટ મંડાઈ છે. પાટીદાર ફેક્ટર અને જીએસટી ઈફેક્ટને લઈને ભીંસમાં મુકાયેલા ભાજપના કાર્યકરોને રાજકીય પાનો ચઢાવવા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહનો સુરત પ્રવાસ નક્કી થયો છે.

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી તા. ૩ નવેમ્બરે સુરત આવી રહ્યાં છે. આ પહેલાં એક દિવસ અગાઉ જ અમીત શાહ સુરત આવી રહ્યાં હોય શહેર ભાજપમાં રાજકીય સળવળાટ તેજ બન્યો છે. ૨ નવેમ્બરના ગુરુવારે શાહના અધ્યક્ષસ્થાને સુરતમાં શહેર ભાજપના ચૂંટાયેલા સભ્યો અને આગેવાનો સાથે મોટી સંકલન બેઠક યોજાશે. આ ઉપરાંત સંભવત પાલ સ્થિત સંજીવકુમાર ઓડિટોરિયમ ખાતે પક્ષના કાર્યકર્તાઓને શાહ સંબોધન કરશે તેવું જાણવા મળી રહ્યું છે.

વિધાનસભાની ચૂંટણી જાહેર થતાં જ સુરતમાં રાજકીય નેતાઓની અવરજવર તેજ બની છે. આ વખતની ચૂંટણી બંને મુખ્ય રાજકીય પક્ષો માટે આબરૂનો પ્રશ્ન બની ચૂકી છે. ભાજપ સત્તા ટકાવી રાખવા તો કોંગ્રેસ સત્તા મેળવવા મરણિયો થયો છે. મતદાન અગાઉ મતદારોનું મન જીતવા, મતદારોને પોતાની તરફ વાળવા બંને પક્ષે રાજકીય તડજોડ શરૂ થઈ ચૂકી છે.

આ તડજોડ વચ્ચે આગામી સપ્તાહે બે મોટા રાજકીય નેતાઓનો સુરત પ્રવાસ ગોઠવાયો છે. કોંગ્રેસના રાહુલ ગાંધી તા. ૩જી નવેમ્બરે સુરત આવી રહ્યાં છે. રાહુલ ગાંધી પાટીદાર વિસ્તારમાં સભા ગજવશે. આ કાર્યક્રમના બરાબર એક દિવસ પહેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહનો સુરત પ્રવાસ નક્કી થયો છે. શાહના સુરત પ્રવાસને લઈને ભાજપમાં રાજકીય ગતિવિધિ તેજ બની છે.

મળતી માહિતી મુજબ અમીત શાહના અધ્યક્ષસ્થાને સુરતમાં બે બેઠક યોજાશે. પ્રથમ બેઠક પક્ષના આગેવાનો અને ચૂંટાયેલા સભ્યો સાથે મળશે. આ બેઠકમાં ચૂંટણીલક્ષી રણનીતિ ઉપર પ્રકાશ પાડવામાં આવશે. બીજી બેઠક સંભવિત સંજીવકુમાર ઓડિટોરિયમ ખાતે મળશે. આ બેઠકમાં ભાજપના વોર્ડ પ્રમુખથી માંડી વોર્ડ કારોબારી સહિત સક્રિય કાર્યકરોને ઉપસ્થિત રહેવા આયોજન થઈ રહ્યું છે.

## ભાજપમાં જોડાયા પછી રેશ્મા પટેલની દબંગાઈ

ગાંધીનગર,તા.૨૯

પાટીદાર આંદોલન ચાલતુ હતું, ત્યારે તે પાટીદારોને પોલીસને ડર લાગયો હતો. હવે ભાજપમાં જોડાયા પછી તે પાટીદાર નેતા પોલીસને ધમકાવવા લાગ્યા છે.

હજી હમણાં ભાજપમાં જોડાયેલા રેશ્મા પટેલના પણ તેવર બદલાઈ ગયા છે. એક ટીવી ડીબેટમાં જઈ રહેલા રેશ્મા પટેલની કારને પોલીસે અટકાવતા રેશ્માએ પોલીસને ધમકી આપતા કહ્યું કે તમે મને ઓળખતા નથી, મારી કાર રોંગ સાઈડમાં જશે. આખરે ટ્રાફિક પોલીસ દ્વારા રેશ્માની દાદાગીરી રોંગ સાઈડમાં જઈ રહેલી કારનો ફોટો પાડી તેને મેમો મોકલી આપ્યો છે.

# વીવીપીએટી- વોટર વેરિફાયેબલ પેપર ઓડિટ ટ્રેઈલ એક સમજ

વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૭ની ચૂંટણીમાં વીવીપેએટીનો ઉપયોગ થનાર છે.મતદારોમાં વીવીપેએટી વિશે જાગૃતિ અને સમજ જરૂરી છે. વીવીપેટની જાણકારી માટે મતદારોમાં ઉત્સુકતા છે. આજે વીવીપેટની સમજ અને તેની પ્રકિયા વિશે જાણીએ

૦૪ ઓક્ટોબર ૨૦૧૦ના રોજ તમામ રાજકીય પક્ષોની યોજાયેલી એક બેઠકમાં ચૂંટણી પ્રક્રિયામાં વેરિફાયેબલ પેપર ઓડિટ ટ્રેઈલ (વીવીપીએટી) દાખલ કરવા અંગેની વિચારણા કરવા વિનંતી કરી હતી.આયોગે આ બાબતે ઈવીએમ અંગેની તેની તકનીત નિષ્ણાત સમિતિને આ વિશે તપાસ કરવા અને ભલામણ કરવા મોકલી હતી. સમિતિએ આ પ્રશ્ન અંગે ઈવીએમના ઉત્પાદકો એટલે કે બીઈએલ અને ઈસીઆઈએલ સાથે બેઠકો યોજી અને ઈવીએમ સાથે વીવીપીએટી પ્રધ્ધતિની ડિઝાઇન જોગવાઈ શોધવા રાજકીય પક્ષો અને અન્ય નાગરિક સમાજના સભ્યો સાથે મુલાકાત કરી હતી



નિષ્ણાત સમિતિની સુચના અનુંસાર બીઈએલ અને ઈસીઆઈએલ એ નમુનો તૈયાર કર્યો અને ૨૦૧૧માં સમિતિ અને આયોગની સામે રજુ કર્યો હતો. ઈવીએમ સાથે વીવીપીએટી નિષ્ણાતોની સમિતિની ભલામણોથી આયોગે જુલાઈ ૨૦૧૧માં લદાખ,થિરૂવંથપુરમ,ચેરાપૂંજી,પુ?ર્વ દિલ્હી અને જેસલમેરમાં વીવીપીએટી પ્રધ્ધતિની ક્ષેત્રીય અજમાયશ માટે સીમ્યુલેટેડ ચૂંટણી યોજી હતી. ત્યાર બાદ વીવીપીએટી નમુનાની બીજી આવૃતિ જુલાઈ ઓગષ્ટ ૨૦૧૨ માં આવી અને ઉપરના સ્થળોએ ફરી અજમાયશનું પુનરાવર્તન કરવામાં આવ્યું હતું.

૧૯ ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ નિષ્ણાત સમિતિએ વીવીપીએટીની ડિઝાઇન મંજુર કરી હતી.ભારત સરકારે ૧૪ ઓગષ્ટ ૨૦૧૩ના રોજ ઈવીએમ સાથે વીવીપીએટીના ઉપોયગ કરવા માટે ચૂંટણી સંચાલન નિયમો ૧૯૬૧માં સુધારો જાહેર કર્યો.

આયોગે સૌ પ્રથમ વાર નાગાલેન્ડની ૫૧-નેકસન વિધાનસભા મતવિસ્તારની પેટા ચૂંટણીમાં ઈવીએમ સાથે વીવીપીએટીનો ઉપયોગ કર્યો હતો. વોટર વરિફાયેબલ પેપર ઓડિટ ટ્રેઈલ એ વિજાણું મતદાન યંત્ર સાથે જોડાયેલી એક સ્વતંત્ર પ્રધ્ધતિ છે.મતદારોને તમના મતની ખરાઈ કરવા દે છે.વીવીપીએટીના પ્રિન્ટર ઉપર ઉમેદવારોના ક્રમ નંબર,નામ,પ્રતિક ધરાવતી એક સ્લીપ મુદ્રીત થાય છે.જે પારદર્શક બારીમાં સાત સેકન્ડ સુધી ખુલ્લી રહે છે.આ સ્લીપ આપમેળે કપાઈ જઈ વીવીપીએટીના સીલ કરેલ ડ્રોપ બોકસમાં પડે છે.

વીવીપીએટી એક પ્રિન્ટર અને વીવીપીએટી સીસ્ટમ સ્ટેટસ ડિસ્પલે યુનિટ હોય છે. વીવીપીએટી ૧૫ વોલ્ટના પાવર બેક પર ચાલે છે. પ્રમુખ મતદાન અધિકારી પાસે અને મતદાન એકમ તથા પ્રિન્ટર મતકુટિરમાં રાખવામાં આવે છે.

# ભાજપથી નિરાશ 'આપ'નાં વંદના પટેલ હવે કોંગ્રેસ પાર્ટીમાં જોડાશે



આવનારા દિવસોમાં આમ આદમી પાર્ટીમાં ભંગાણ સર્જાઈ શકે છે. આમ આદમી પાર્ટીનો મહિલા ચહેરો એવા વંદના પટેલ આગામી દિવસોમાં કોંગ્રેસમાં જોડાશે. તેઓ સોમવારે આપનો સાથે છોડી કોંગ્રેસનો હાથ પકડશે. ઉલ્લેખનીય છે કે વંદના પટેલ મૂળ ભાજપનાં છે. પાટીદાર અનામત આંદોલન દરમ્યાન સરકારના વલણથી નિરાશ થઈ તેઓ આમ આદમી પાર્ટીમાં જોડાયા હતાં પરંતુ હવે તેઓ આપને પણ બાય બાય કહેવાનાં છે.

# અહેમદ પટેલનું રાજીનામું માગનાર વિજય રૂપાણીને ૧૮ બાળકોના મોત માટે જવાબદાર ગણી શકાય?

અમદાવાદ, તા. ૨૯

ગુજરાતમાં પકડાયેલા આતંકવાદીઓની ઘટનાને રાજકીય સ્વરૂપ આપનાર વિજય રૂપાણીએ કોંગ્રેસના નેતા અહેમદ પટેલ ઉપર નિશાન તાકતા તેમના રાજીનામાની માગણી કરી હતી, આ ઘટનાના ચોવીસ કલાકમાં જ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ૧૮ નવજાત બાળકોના મૃત્યુની કમનસીબ ઘટના ઘટી હતી. આ મામલે તપાસ કરવા ગુજરાત સરકાર દ્વારા એક સમિતિ નીમી દેવામાં આવી છે, સમિતિનો રીપોર્ટ જેમના બાળકો ગયા તેમના બાળકો પાછા આપી શકવાનો નથી, પણ ફરી આવુ દુઃખ કોઈ માતા-પિતાના માથે પડે નહીં તે અંગે કાર્યવાહી થશે.

ખરેખર અમદાવાદ સિવિલમાં ૪૮ કલાકમાં ૧૮ બાળકોના મોત કયા કારણસર થયા તેની તપાસ શરૂ થઈ ગઈ છે, પણ આ મુદ્દે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અથવા આરોગ્યમંત્રી શંકર ચૌધરીને જવાબદાર ગણી શકાય નહીં, રાજ્યના વડા તરીકે રૂપાણી અને આરોગ્યમંત્રી તરીકે ચૌધરીની ચોકક્સ નૈતિક જવાબદારી બને છે, આવી ઘટના થવી જોઈતી ન્હોતી. છતાં બાળકો મરી ગયા છે તે સ્વીકાર્તાયા કે નકાર્યા વગર આ મુદ્દે રાજકારણ રમી તેમના રાજીનામાની માગણી પણ કરી શકાય નહીં.

ભરૂચની હોસ્પિટલમાં કામ કરતો કાસીમ આતંકી થઈ ગયો તેના માટે વિજય રૂપાણી જેવા નેતા અહેમદ પટેલના રાજીનામાની માગણી કરે તે કેટલી બાલીશતા છે. જો કાસીમ માટે અહેમદ પટેલ જવાબદાર છે, તો ૧૮ બાળકોના મોત માટે રૂપાણી અને ચૌધરી જવાબદાર છે અને તેમણે રાજીનામુ આપી દેવુ જોઈએ પણ તેવું થવાનું નથી. મુખ્યમંત્રીની





ખુરશી સુધી જતા પહેલા માણસને જાડી ચામડીના થવું પડે છે, પણ જાડી ચામડી થયા પછી કોઈની ઉપર આક્ષેપ કરતા પહેલા પોતાને સામેવાળી વ્યકિતની ખુરશીમાં બેસીને જોવું પડે અને પછી યોગ્ય લાગે તેવા આરોપ બીજા ઉપર મુકવા જોઈએ.